

# Marketplace દ્વારા Medicaid અને CHIP માટે અરજી કરો

The Health Insurance Marketplace® વ્યક્તિઓ અને પરિવારોને આરોગ્ય કવરેજ શોધવા અને સાઇન અપ કરવામાં મદદ કરે છે. માર્કેટપ્લેસ દ્વારા કવરેજ માટે અરજી કરનારા કેટલાક લોકો Medicaid અથવા ચિલ્ડ્રન્સ હેલ્થ ઈન્સ્યોરન્સ પ્રોગ્રામ (CHIP) દ્વારા કવરેજ માટે પાત્ર ગણવામાં આવે છે. જો તેઓ પાત્ર થાય છે, તો તેમનું રાજ્ય તેમની નોંધણી કરશે.

Medicaid અને CHIP એ મફત અથવા ઓછા ખર્ચના આરોગ્ય કાર્યક્રમો છે જે ઘણા લાભોને આવરી લે છે, જેમાં ઇનપેશન્ટ અને આઉટપેશન્ટ હોસ્પિટલમાં દાખલ થવું, ડૉક્ટર સેવાઓ અને પ્રિસ્ક્રિપ્શન દવાઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોના નામ રાજ્ય પ્રમાણે બદલાય છે. તમારા રાજ્યમાં Medicaid અને CHIP પ્રોગ્રામના નામો જાણવા માટે HealthCare.gov/medicaid-chip-program-names ની મુલાકાત લો.

## હું Medicaid અથવા CHIP માટે કેવી રીતે અરજી કરી શકું?

તમે 2 રીતે અરજી કરી શકો છો:

1. **માર્કેટપ્લેસ દ્વારા**
   - માર્કેટપ્લેસ એકાઉન્ટ બનાવવા અને એપ્લિકેશન પૂર્ણ કરવા માટે HealthCare.gov ની મુલાકાત લો.
   - તમારી એકપ્લિકેશન પર “Check for all savings options” (બધા બચત વિકલ્પો માટે તપાસો) પસંદ કરો.
   - જો તમારી અરજી પરની માહિતી દર્શાવે છે કે તમારા ઘરની કોઈ વ્યક્તિ Medicaid અથવા CHIP માટે લાયક બની શકે છે, તો Marketplace તમારી અરજીને તમારા રાજ્ય સાથે સુરક્ષિત રીતે શેર કરશે. જો તમારા પરિવારમાં કોઈ લાયકાત ધરાવતું હોય અથવા જો તેમને પાત્રતાની પુષ્ટિ કરવા માટે વધુ માહિતીની જરૂર હોય તો તમારું રાજ્ય તમારો સંપર્ક કરશે.
   - અરજી કરવા માટે તમે 1-800-318-2596 પર માર્કેટપ્લેસ કૉલ સેન્ટરને પણ કૉલ કરી શકો છો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.
2. **સીધા તમારા રાજ્ય સાથે**
   - અરજી કરવા માટે, Medicaid.gov/about-us/beneficiary-resources/index.html#statemenu ની મુલાકાત લો અને પ્રારંભ કરવા માટે તમારું રાજ્ય શોધો.

## Medicaid અથવા CHIP માટે કોણ પાત્ર હોય છે?

Medicaid અને CHIP અમુક ઓછી આવક ધરાવતા લોકો, પરિવારો અને બાળકો, સગર્ભા સ્ત્રીઓ, વૃદ્ધો અને વિકલાંગ લોકોને ફ્રી અથવા ઓછા ખર્ચે આરોગ્ય કવરેજ પ્રદાન કરે છે. કેટલાક રાજ્યોમાં, કાર્યક્રમોમાં અન્ય વયસ્કોને પણ આવરી લેવામાં આવે છે. Medicaid માટે પાત્ર ન હોય તેવા ખૂબ ઊંચી આવક ધરાવતા પરિવારોમાં બાળકો અને સગર્ભા સ્ત્રીઓ CHIP માટે પાત્ર બની શકે છે.

જો તમે એવા રાજ્યમાં રહો છો કે જેણે પુખ્ત વયના લોકો માટે Medicaid નો વિસ્તાર કર્યો હોય, તો તમે 2023માં પાત્ર બની શકો છો જો તમે 1 વ્યક્તિ માટે વાર્ષિક $20,120, અથવા 4 લોકોના પરિવાર માટે $41,400 મેળવો છો (અલાસ્કા અને હવાઈમાં આવકની રકમ અલગ હોય છે). તમે આવક ઉપરાંત અન્ય કારણોસર પણ પાત્ર બની શકો છો. દરેક રાજ્યની વિવિધ આવશ્યકતાઓ હોય છે જે તમારી Medicaid અને CHIP માટેની પાત્રતાને અસર કરી શકે છે, જેમ કે જો તમને બાળકો હોય, ગર્ભવતી હોવ અથવા અપંગતા હોય. તમે પાત્ર છો કે નહીં તે શોધવા માટે, અરજી કરવી મહત્વપૂર્ણ છે અને અને તમારી સૌથી વર્તમાન માહિતી આપવી જરૂરી છે.

જો તમારી આવક સામાન્ય પાત્રતાની રકમ કરતાં વધુ હોય, તો પણ તમે તમારી તબીબી જરૂરિયાતોને આધારે કેટલાક રાજ્યોમાં Medicaid માટે પાત્ર બની શકો છો. તમે આ કારણોસર પાત્ર છો કે કેમ તે જાણવા માટે, તમે તમારી અરજી સબમિટ કર્યા પછી સંપૂર્ણ Medicaidનિર્ધારણની વિનંતી કરવા માટે તમારી Marketplace એપ્લિકેશન પર એક બોક્સ ચેક કરી શકો છો.

## Medicaid માં શું આવરી લેવામાં આવે છે?

દરેક રાજ્યના Medicaid પ્રોગ્રામમાં સામાન્ય રીતે આ આવરી લેવામાં આવે છે:

- પ્રમાણિત બાળરોગ અને કુટુંબ નર્સ પ્રેક્ટિશનર સેવાઓ
- ડોક્ટરની સેવાઓ
- પ્રારંભિક અને સામયિક સ્ક્રીનીંગ, નિદાન અને સારવાર (EPSDT) સેવાઓ
- કુટુંબ આયોજન સેવાઓ અને પુરવઠો
- સંઘીય પાત્રતા ધરાવતા આરોગ્ય સેન્ટરની સેવાઓ
- ઘર આરોગ્ય સેવાઓ
- ઇનપેશન્ટ અને આઉટપેશન્ટ હોસ્પિટલ સેવાઓ
- લેબોરેટરી અને એક્સ-રે સેવાઓ
- લાંબા-ગાળાની સંભાળ સેવાઓ
- તબીબી પ્રદાતાઓ પાસે જવા અને આવવા માટે આવશ્યક પરિવહન
- નર્સ મિડવાઇફ સેવાઓ
- પ્રિસ્ક્રિપ્શન દવા
- ગ્રામીણ આરોગ્ય ક્લિનિક સેવાઓ
- સગર્ભા સ્ત્રીઓ માટે તંબાકુ બંધ કરવા

રાજ્યો ઉપર સૂચિબદ્ધ કરતાં વધુ સેવાઓ આવરી લેવાનું પસંદ કરી શકે છે.

## CHIP માં શું આવરી લેવામાં આવે છે?

દરેક રાજ્ય પોતાનો CHIP પ્રોગ્રામ ચલાવે છે. રાજ્યો CHIP માં આવરી લેવાના લાભો નક્કી કરી શકે છે, પરંતુ તમામ રાજ્યો આ આવરી લે છે:

- દાંતની સંભાળ
- કટોકટીની સેવાઓ
- હોસ્પિટલ સંભાળ
- રસીકરણ
- લેબોરેટરી અને એક્સ-રે સેવાઓ
- માનસિક આરોગ્ય સંભાળ
- પ્રિસ્ક્રિપ્શન દવા
- નિયમિત ચેક-અપ્સ

CHIP હેઠળ બાળકોને મફત નિવારક સંભાળ આપવામાં આવે છે. કેટલાક રાજ્યો અન્ય સેવાઓ માટે ઓછી કિંમત સહે શેરિંગ (જેમ કે કપાતપાત્ર અથવા સહચુકવણી) શુલ્ક લઈ શકે છે.

## જો હું Medicaid અથવા CHIP માટે પાત્ર છું, તો શું હું કરૂં Marketplace પ્લાન ખરીદવાની જરૂર છે?

ના. જો તમને અંતિમ નિર્ધારણ મળે છે કે તમે Medicaid અથવા CHIP માટે પાત્ર છો જે ક્વૉલિફાઇંગ કવરેજ તરીકે ગણાય છે, તો તમે Marketplace પ્લાનની કિંમત ચૂકવવામાં મદદ કરવા માટે પ્રીમિયમ ટેક્સ ક્રેડિટ અથવા અન્ય બચત માટે પાત્ર બનશો નહીં. તેનો અર્થ એ છે કે જો તમે હજુ પણ Marketplace કવરેજ ખરીદવાનું નક્કી કરો છો, તો તમારે પ્લાન પ્રીમિયમ અને કવર કરેલી સેવાઓ માટે સંપૂર્ણ કિંમત ચૂકવવી પડશે. Medicaid કે જે ક્વૉલિફાઇંગ કવરેજ તરીકે ગણાય છે તેના વિશે વધુ જાણવા માટે, મુલાકાત HealthCare.gov/medicaid-limited-benefits.

જો તમે Marketplace કવરેજ મેળવવાનું પસંદ કરો છો, તો તમારે તમારી રાજ્ય Medicaid અથવા CHIP એજન્સીને જણાવવું જોઈએ કે તમે Marketplace પ્લાનમાં નોંધણી કરેલ છે. જો તમે Marketplace કવરેજમાં નોંધણી કરાવી હોય તો તમે હવે CHIP માટે પાત્ર રહી શકશો નહીં.

જ્યારે તમે Medicaid અથવા CHIP મેળવો ત્યારે માર્કેટપ્લેસ કવરેજ સમાપ્ત કરવા વિશે જાણવા માટે, HealthCare.gov/medicaid-chip/canceling-marketplace-plan.

## હું ક્યારે અરજી કરી શકું?

Medicaid અને CHIP પાસે ખુલ્લી નોંધણી અવધિ ન હોવાથી, તમે કોઈપણ સમયે અરજી કરી શકો છો, ભલે તમે તાજેતરમાં તમારું કવરેજ ગુમાવ્યું હોય. તમે કેટલી વખત અરજી કરી શકો છો તેની કોઈ મર્યાદા નથી. Medicaid અથવા CHIP માટે અરજી કરવા (અથવા ફરીથી અરજી કરવા), મુલાકાત લો Medicaid.gov/about-us/beneficiary-resources/index.html#statemenu અને આગામી પગલાં માટે તમારું રાજ્ય શોધો. જો તમે પાત્ર છો, તો તમારું રાજ્ય તમને તમારું કવરેજ શરૂ થવાની તારીખ જણાવશે. Medicaid અને CHIP ની કવરેજની શરૂઆતની તારીખો રાજ્યના આધારે બદલાય છે.

## હું Medicaid અને CHIP વિશે વધુ મહી કેવી રીતે જાણી શકું?

- અહી HealthCare.gov/medicaid-chip.
- તમારા રાજ્યની Medicaid અને CHIP સંપર્ક માહિતી મેળવવા માટે Medicaid.gov/about-us/beneficiary-resources/index.html#statemenu ની મુલાકાત લો.
- તમારા રાજ્યમાં CHIP પ્રોગ્રામ્સ વિશે જાણકારી વધુ માટે InsureKidsNow.gov, ની મુલાકાત લો અથવા 1-877-543-7669 પર કૉલ કરો.

## હું વધુ કેવી રીતે જાણી શકું?

માર્કેટપ્લેસ દ્વારા કવરેજ અથવા તમારા લાભો અને સુરક્ષા વિશે વધુ જાણવા માટે, **HealthCare.gov** મુલાકાત લો અથવા માર્કેટપ્લેસ કૉલ સેન્ટર પર કૉલ કરો 1-800-318-2596. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

તમને મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિયો જેવા ઍક્સેસિબલ ફોર્મેટમાં માર્કેટપ્લેસ માહિતી મેળવવાનો અધિકાર છે. જો તમને લાગે કે તમારી સાથે ભેદભાવ કરવામાં આવ્યો છે તો તમને ફરિયાદ નોંધાવવાનો પણ અધિકાર છે.
અહી મુલાકાત લો CMS.gov/about-cms/agency-information/aboutwebsite/cmsnondiscriminationnotice, અથવા 1-800-318-2596 પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-855-889-4325 પર કૉલ કરી શકે છે.

**Health Insurance Marketplace**
CMS Product No. 11800-GU (Gujarati)
July 2023
This product was produced at U.S. taxpayer expense.
Health Insurance Marketplace® is a registered service mark of the U.S. Department of Health & Human Services.

HealthCare.gov